અર્પણ પત્રિકા.

શારટણુ કરી હંમેશાં મુમુક્ષુઓને સદ્‌બોધ આપી
પરમાર્થ જીવન ગુજારનાર પૂજ્ય પાદ બ્રહ્મનિષ્ટ

મહર્ષિ ઉત્તમરામ માહારાજ.

મુ૦ પીંપલગ—નડીયાદ.

આપે મને સદ્‌બોધ આપી ભક્ત રતનદાસજીનું જીવન
ચરિત્ર લખવા આજ્ઞા કરેલી પરંતુ સંસારીક કાર્યના
અંતરાયને લીધે ધીમે ધીમે આ જીવન ચરિત્ર
યથામતિ લખી આપને શુભેચ્છા પૂર્વક
અર્પણ કરૂ છુ તે આપ
સ્વીકારી કૃતાર્થી કરશો.

લી૦ ભવદીય સેવક,

મહંત મોરારદાસ પુરૂષોત્તમ.

મુ૦ ઓરપાડ

ૐ નમસ્તે પરમાત્મને નમઃ

શ્રીમતે કરુણાસાગરાય નમઃ

ભકતરાજ રતનદાસજીનું

જીવન ચરિત્ર.

રાગ

ભાગ ૧ લો.

શ્રીમાન ભકત, રતનદાસજીનો જન્મ, કસબે ઓરપાડમાં થયો હતો. ભકતરાજની ૧૯ વર્ષની ઉમ્મર થયા બાદ પ્રભુ કૃપાથી તેમને સ્વતહ જ્ઞાન ઉત્પન્ન થયુ અને પોતે વિચાર કરવા લાગ્યા કે આ જગત અને જગતના પદાર્થો મીથ્યા છે. આ શરીર છુટયા પછી કાંઇ સાથે આવનાર નથી. માટે પ્રભુનું ભજન કરી મુકિત મેળવવી આ વિચાર દ્રઢ થયો પરંતુ ભકતનું લગ્ન પ્રથમથી થયું હતું અને ભકતના માત પિતા વિદ્યમાન હતા તેથી ભકતે ગૃહસ્થાશ્રમ ધર્મ સ્વીકાર્યો. ત્યાર બાદ ભકતે એવો નેમ [illegible] ધો કે, દરરોજ સૂર્યોદય થતા પહેલા સીદ્ધનાથ મહાદેવને [illegible]પીનું જળ લાવી ચઢાવવું. એ નિયમ રાખ્યો.

ભકત પોતે એટલા શ્રદ્ધાળુ અને ભકિતવાન હતા કે ઓર-[illegible] દક્ષિણ દિશામા આશરે પાંચ ગાઉ ઉપર આવેલા જાંગીર-[illegible] જળ લાવી ઓરપાડથી પશ્ચિમ દિશામા આશરે [illegible] ના [illegible] નાથ મહાદેવનું દામા [illegible] શીવાલય છે. ત્યા જઈ [illegible] નુ જળ કાવડમાં ભરી લાવી ચઢાવતા હતા.

એક વખત સીદ્ધનાથ મહાદેવે ભકતની દ્રઢતા જોવી એવા [illegible]થી ભકતને તાપીમાથી કાવડ ભરી હમેશના નિયમ મુજબ સીદ્ધનાથ મહાદેવ તરફ આવતાં રસ્તામાં મોટા મોટા ભયંકર સર્પો અને અજગરો રસ્તા રોકીને પડેલા દેખાડયા. પરંતુ નીડ-

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजरातनी कॉपीराइट विभाग]
अनुक्रमांक ૫૮૮૧ वर्गांक
पुस्तकनुं नाम રતનદાસનું જીવનચરિત્ર
विषय ૨૨૧.૭ રતન

રતાથી ભકત રતનદાસે સર્પો અને અજગરોને કહ્યુ કે મારા સગાઓ તમારે મને કરડવું હોય તો ભલે કરડો અને ખાય જવો હોય તો ભલે ખાય જાઓ. પણ હું મારો નિયમ તોડનાર નથી. માટે મને રસ્તો આપો. જો મને રસ્તો નહિ આપો તો મારો સીદ્ધનાથ મહાદેવ તમને બાળીને ભસ્મ કરી નાખશે

એ પ્રમાણે ભકતનું વચન સાભળી સીદ્ધેશ્વર પ્રેરીત સર્પો અને અજગરો, દૂર ખશી ગયા

ત્યાથી ભકત આગળ ચાલ્યા પુન ભકતની દ્રઢતા જોવા સારૂ મહાદેવે વાઘ તથા સિંહ રસ્તામા રસ્તો રોકી ઉભેલા દેખાડયા, પરંતુ ભકતે નીડરતાથી ઉપર પ્રમાણે કહ્યુ તેથી વાઘ તથા સિંહો દૂર ખશી ગયા

એવી રીતે ભકતને અનેક વિઘ્ન દેખાડયા પણ પોતાને ટેક ન છોડતાં દરરોજ તાપી નદીનું પવિત્ર જળ લાવીને ચઢાવતા હતા.

ત્યાર બાદ એક દિવસ મહાદેવના પૂજારાઓએ એવો વિચાર કર્યો કે ભકત રતનદાસ રરોજ અંધારા આવીને ઘંટ વગાડી ધાંધલ કરી મૂકે છે અને આપણને પાછલી રાતની નિદ્રા લેવા દેતો નથી. માટે આવતી કાલથી આપણે મહાદેવના દરવાજા બંધ કરી તાળાં વાસવા. પછી તે લોકોએ બારણાના મજબૂત તાળાં વાસ્યાં

ભકત દરરોજના નિયમ પ્રમાણે સવારમાં વહેલા આવ્યા. મહાદેવના દરવાજાના બારણા બધ તથ ળા વસેલ જોઈને ભકત મહાદેવની સ્તુતિ કરવા લાગ્યા

ભકતની સ્તુતિ સાંભળીને મહાદેવ પ્રસન્ન થયા કે તુર્ત તાળાં તથા બારણાં ઉઘડી ગયાં.

પછી ભકતે અંદર જઈ કાવડેથી લાવેલું તાપીનું જળ મહાદેવને ચઢાવ્યું.

ભકતને તાપી નદીનું જળ કાવડથી ભરી લવી ચઢાવતા ચઢાવતાં એક વર્ષ પૂરૂં થવા આવ્યુ એટલે ભે ગાનકરે પ્રસન્ન થઈ ભકતને પોતાનું દર્શન આપીને નીચે મુજબ કહ્યુ

હે! ભકત માગ્ય માગ્ય હું પ્રસન્ન છુ. જે માગીશ તે આપવા તૈયાર છું એવાં શંકર પ્રભુનાં વચન સાભળીને ભકત રતનદાસે મહાદેવને સાષ્ટાંગ નમસ્કાર કરીને કહ્યુ કે, હે! પ્રભુ

મારૂં શરીર છુટયા પછી મારી સદ્‌ગતી થાય. અને તમારા નામ સ્મરણેથી આ દુનીઆમા જે હું કહું તે થાય. અને તમારા જેવી મારી માનતા ચાલે. તેજ વખતે મહાદેવે તથાસ્તુ કહી ભકતને ત્રણ વરદાન આપી અંતરધ્યાન થઇ ગયા.

શંકર પાસે વરદાન લઇ ભકત ઓરપાડ આવી પોતાનો ખેતીનો ધંધો ખરા ખંતથી કરવા લાગ્યા. ભકત **રતનદાસ** પાસે એક ગાય હતી તે ગાય દરરોજ ઢોરમાં ચરવા જતી પણ અંદરથી નીકળી સીમમાં નાશી જતી અને લોકોનું ખાય આવતી હતી. જેથી લોકો એ ગાયને પકડીને થાણામા લઈ ગયા. અને અરજ કરી કે આ ગાય દરરોજ હમારૂં તુલ ખાઇ જાય છે અને હમારૂ નુકશાન બહુજ કરે છે માટે હમારી અરજ સરકારે ધ્યાનમા લેવી જોઇએ તેજ વખતે અમલદારે હુકમ કર્યો કે, ભકતને બોલાવો. પછી સીપાઈ ભકતને બોલાવી લાવ્યા. એટલે સરકારી અમલદારે કહ્યુ કે, તમો ગાયને રખડતી કેમ મૂકો છો ? તેજ વખતે ભકત **રતનદાસે** ગાયને કહ્યુ કે, મારી સગી તે ધુળ કેમ ન ખાધી ? તારે માટે આ ઠપકો ખાવો પડે છે. તેજ વખતે ગાયે ધુળ ખાવા માંડી જેથી કચેરીનાં માણુસ તથા મામલતદારે આ ચમત્કાર જોઇને કહ્યુ કે, આ ગાયને ધુળ ખાતી બંધ કરો. પછી ભકત **રતનદાસે** ગાયને ના પાડી કે, તગ્ત ગાય ધુળ ખાતી બંધ પડી

ત્યાર પછી પેશ્વાઈ રાજના અધિકારીઓએ બે માટલી મંગાવી એકમા મરડીઆ કાંકરા ભર્યા અને એકમાં રેતી ભરી મોઢાં બંધ કરી કચેરી વચ્ચો વચ્ચ મૂકી કહ્યું કે, આ બે માટલીઓમા ભકતજી કયા હે ? ભકતે કહ્યુ કે, મારા સગાઓ એકમા સકકર હે. અને એકમા ખાંડ હે. ખોલકર દેખ લો. તેજ વખતે સીપાઇઓએ માટલીઓનાં મોઢાં છોડયાં જોતા જોયું તો ખાંડ તથા સાકર જોવામાં આવી તે જોઈ સર્વે કચેરીનાં માણસો આશ્ચર્ય પામ્યાં. અને આ ચમત્કાર સૌ કચેરી જોઇ રહી. ત્યારે ભકતે કહ્યુ કે, એ બે માટલીમાનો પ્રસાદ છે તેને ઓરપાડમાં

પહેંચી દો. તે માટલીમાંનો પ્રસાદ આખા ઓરપાડમાં આપ્યો પણ માટલી પૂરી થઈ નહિં. તે આશ્ચર્ય જોઈ પેશ્વાઇ સરકારે પ્રસન્ન થઈ રૂપીઆ ૬૨) નું દર વરસે વર્સાશન આપવાનો ઠરાવ કર્યો. તેમજ જમીન વીઘા ૪૦ આપી તથા બીજી પણ જમીન ધર્મશાળા અને મદીર બંધાવવાને માટે આપવાનો હુકમ કર્યો.

પછી ઓરપાડ તાલુકમાં તેમજ બીજા તાલુકામાં આ ચમત્કારની વાત ફેલાઈ ગઇ. અને ભકતની માનતા પણ ચાલવા માડી.

એક વખત ચોમાસાની રૂતુમાં સર્વે માણુસો જમીનમાં જુવાર તથા ઘઉંની વાવણી કરવા લાગ્યા ત્યારે ભકત રતનદાસે પોતાના ખેતરમાં તુંમડીના બી ચાર ખુણે ચાર અને એક વચ્ચે રોપી દીધાં લોકો ફસલમા ઘઉ તથા જુવારનાં ગાડાં ભરી ખળીમાં લાવ્યા. ત્યારે ભકત રતનદાસે પોતાના ખેતરમા તુમડાં વાવેલાં તે તુમડાં ગાલ્લીમા ભરી ખળીમાં લાવી ઢગલો કર્યો આ જોઇ લોકો ભકતની મશ્કરી કરવા લાગ્યા.

પરંતુ ભકતે ન ગણકારતા જ્યારે લોકોએ ઘઉંને ઉપણવા માંડ્યા ત્યારે રતનદાસ તુમડાના ડોકાં કાપી અંદરથી ઘઉં કાઢવા માંડયા. આ બનાવ જોઇ ઘણા લેકો ભકતને માનવા લાગ્યા. ત્યાર બાદ ભક્તની ટેક જોવા સારૂ ભગવાન સાધુનું રૂપ લઇ ભક્તને ઘેર આવ્યા રતનદાસ ભકત સાધુને જોઇ ઘણીજ ખુશીથી સાધુને આસન પર બેસાડી સાષ્ટાગ નમસ્કાર કરી સાધુની પાસે બેઠા.

સાધુ—કયુ ભકત **રતનદાસ** તેરા નામ સુનકર મેં આયા હું. હમ જો માગે શો દેવેગા.

રતનદાસ—મહારાજ ! સાધુથી મેં કોઈ વસ્તુ પ્રિય માનીજ નથી. માટે જે જોઇએ તે માગી લ્યો.

સાધુ—અચ્છા જબ તો તુમ્હારી સ્ત્રી હમકુ દઈ દો.

રતનદાસ—બહુ સારૂ મહારાજ મારી સ્ત્રીને બોલાવીને અર્પણ કરૂં છું.

પછી ભકત પોતાની સ્ત્રીને ઘરમાં જઈ કહેવા લાગ્યા કે, હે સ્ત્રી તૈયાર થાઓ આપણે ઘેર સાધુ આવ્યા છે તેમણે મારી પાસે એવી માગણી કરી છે કે તમારી સ્ત્રી અમને આપો માટે સારા શણગાર પહેરી સાધુની સાથે તમારે જવાનું છે.

ઉપર પ્રમાણે ભકતનાં વાકય સાંભળી ભકતની સ્ત્રી નામે **દેવમાતા** (મનમાં વિચાર કરે છે કે) સ્ત્રીએ પતિની આજ્ઞા પાળવી એજ સ્ત્રીનો મુખ્ય ધર્મ છે. અને પતિ ઉપર ઈશ્વરે બુદ્ધિ રાખનાર સ્ત્રીનો મોક્ષ થાય છે. માટે પતિની આજ્ઞા પાળવી, એ નિશ્ચય કરી શણગાર પહેરી આવી ઉભા કે—

ભકત **રતનદાસ** કહે છે સાધુ મહારાજ આપના માગવા મુજબ આ સ્ત્રી આપને અર્પણ કરૂં છું સુખેથી લઈ જાઓ. પછી ભકતે સાધુને સ્ત્રી અર્પણ કરી બાદ સાધુ ભકતની સ્ત્રીને કહે છે કે, હે ! ભકતપત્નિ અમો સાધુ નિરંતર જંગલમાં રહેનાર અને ભૂખ, ટાઢ, તડકો સહન કરનારની સાથે તમારાથી દુઃખ કેમ વેઠાશે. ત્યારે ભકતની સ્ત્રી કહે છે કે મહારાજ મારા પતિની આજ્ઞા મુજબ તમારી સાથે આવવું એજ મારો ધર્મ છે. ને જે કષ્ટ પડશે તે સહન કરીશ. ઉપર પ્રમાણે સ્ત્રીનાં વચન સાભળીને સાધુ ઘણાજ ખુશી થયા. અને કહેવા લાગ્યા કે કે વાહુવાહ જેવા **રતનદાસ ભકત** તેવીજ તેમની સ્ત્રી પણ ભકિતવાળી છે. પછી સાધુ ભકતની સ્ત્રીને લઇને પૂર્વ દિશા તરફ વંદ્રાવંન નામની વાડી છે ત્યા ગયા અને ભકતની સ્ત્રીને બેસાડી સાધુ અંતરધ્યાન થઇ ગયા. એટલે **દેવમાતા** ત્યાંજ બેસી રહ્યા. સાંજ પડી તેવારે સીમમાંથી લોકો ઘેર આવેલા તેમણે ભકતને ખબર આપી અને કહેવા લાગ્યા કે **દેવમાતા** વંદ્રાવનની વાડીમાં બેઠેલા છે. અને એકલાં છે તેથી રડયા કરે છે. ભકત પોતે પ્રથમથીજ સમજેલા હતા કે, સાધુ રૂપે ભગવાન આવેલા છે. અને સ્ત્રી તેમને અર્પણ કરેલી છે. માટે તેમને લક્ષ્મી તુલ્ય માનવી. આ હેતુથી. ઉપર પ્રમાણે લોકોએ કહેલા સમાચાર સાભળીને ભકતરાજ **દેવમાતા**ને વંદ્રાવનની વાડીમાંથી વાજતે ગાજતે ઘેર તેડી લાવ્યા.

ત્યાર બાદ ભકતે લોકોને ઉપયોગી કામ ઘણાં કર્યાં છે.

એક ખારવો વહાણુમા માલ ભરી ભર દરીઆમાં આવતો હતો અને દરીઆમાં વહાણ અટકી ગયું તથા તોફાની પવન ચાલવાથી વહાણની અંદરના ખારવાઓ ઘણા મુઝાવા લાગ્યા તેથી ભકત **રતનદાસ**ની બાધા લીધી કે આ વહાણ સાજુ ઘેર જાય અને અમો સુખી રહીએ તો રૂા. ૨૦૦) ભગતની પાસે જઇ ભેટ કરી આવીશું. આ પ્રમાણે ખારવાઓએ બાધા લીધી કે તુર્ત વહાંણ ચાલતુ થયું અને પોતાને ઘેર આવ્યા.

ઘેર આવીને રૂ. ૨૦૦) લઈ ઓરપાડ આવ્યા પછી ભકતને જોયા તેવારે વાહણો ચલાવનાર ખારવાને શંકા થઈ કે આપણે રૂા. ૧૦૦ મૂકા ભકત શું જાણવાના છે એ વિચાર મુજબ ખારવાઓએ રૂા. ૧૦૦ ભગતની આગળ મૂકી પગે લાગ્યા. પછી ખારવાઓને તે દિવસે ત્યાંજ રહેવાની ભકતે આજ્ઞા કરી તેથી તે લોકો ત્યાં રહ્યા.

મંદીરની પુર્વ દિશાએ ભકત તલાવડી ખોદાવતા હતા. સાંજના ખોદનાર માણુસો પૈસા લેવા આવ્યા ત્યારે **રતનદાસ** ભકતે મજુરોને દોઢ દોઢ આનો આપવા માંડયો. તેજ વખતે મજુરો કહેવા લાગ્યા કે મહારાજ દરરોજ ત્રણ ત્રણ આના આપો છો અને આજે દોઢ દોઢ આનો આપ્યો તેનું કારણ શું ત્યારે **રતનદાસ** ભકતે કહ્યુ કે મારા સગાઓ આ વહાણ ચલાવનાર ખારવાએ રૂા. ૨૦૦) ની બાધા લીધેલી તેથી આ ખારવાનું વહાણુ બૂડતાં તાર્યું એ મારા ભગવાને મજુરી ભકતના નામની ખાતર ઘણી કરી છે તો પણ મારી પાસે આ ખારવાઓએ અર્ધા રૂપીઆ મૂકયા માટે આજે તમને પણ અડધી મજુરી આપવી જોઈએ તેજ વખતે વહાણુ ચલાવનાર ખારવાઓ ઝંખવાણા પડી ગયા અને હાથ જોડી માફી માગી રૂા ૧૦૦) બીજા મુકી દીધા એટલે ભકત ખુશી થયા. મજુરોને પુરેપુરી મજુરી ત્રણ ત્રણ આના આપી. વહાણુ ચલાવનાર ખારવાઓ પરસ્પર વાત કરવા લાગ્યા કે આતો કોઈ પરમેશ્વર જેવા છે આપણા મનની વાત પણ જાણી લીધી. અને તેમને દ્રઢ વિશ્વાસ આવ્યો તેથી ભકત પાસે બોધ લઈ બીજે દિવસે પોતાને ઘેર ગયા. ત્યાર બાદ ઘણાં પરોપકારી કામ કર્યા.

એક વખત ભકત કરામેરા નામના ગામમા ગયા ત્યાંના લોકો ભકતને ઓળખીને સૌ સૌની શકિત મુજબ ભેટ લઈ સામા આવ્યા.

તેજ ગામની રજપૂતની છોકરી ગરીબ હાલતમા હતી તો પણ તે એમ સમજતી હતી કે પાણી પાવાનું ઘણું પૂન્ય છે માટે ભકતને સારૂ પાણી લઈને જાઉ આવો વિચાર કરી તેજ વખતે પાણીનો કળશીઓ અજવાળી પાણી ભરી સામી આવીને ઉભી (આ વાત ઈશ્વરને વધારવાની હોવાથી) તે ભકતની નજરે પડી. સર્વ લોકોને ભકતે કહ્યું કે તમો રસ્તો આપો પેલી છોકરીને પાણી લઈ આવવા દો. મને તરશ લાગી છે. તેજ વખતે છોકરીએ આવી ભકતને પાણી આપ્યું ને પગે લાગી અને

ભકતની પાસે ઉભી રહી ભકતે પાણી પીને છોકરીને આશીર્વાદ આપ્યો કે મને પાયુ પાણી તો તું થશે રાજાની રાણી. તેજ વખતે છોકરી બોલી કે હું ગરીબ માબાપની છોકરી છું અને મને રાજા કયાથી પરણી જશે. ત્યારે ભકતે કહ્યુ કે બચ્ચાં મેરા વચન પરમાત્મા સત્ય કરશે જરુર રાજા તને પરણી જશે.

પછી દરેક ગામોમા ઉપદેશ કરતા કરતા ભકત ઓરપ આવ્યા ભકતનું વચન સત્ય કરવાને માટે ભગવાને માંડવી રાજાને સ્વપ્નું આપીને કહ્યું કે તારે ફરજન નથી માટે ગામ કરામેરાની રજપૂતની છોકરીને તારા ખરચથી પરણી લાવીશ તો તને ફરજન થશે.

પછી ભગવાને સ્વપ્નમાં કહ્યા મુજબ માડવીનો રાજા તે છોકરીને પરણી ગયો

લગ્ન થયા બાદ છોકરીએ વિચાર કર્યો કે ભકતે મને આશીર્વાદ આપ્યો હતો તે પ્રમાણે થયું ભકત તો કોઇ પરમેશ્વર જેવા છે માટે ઓરપાડ જઈ આત્માનો મોક્ષ થાય એવો બોધ લેવો પછીથી કુસળબા રાણી રાજાની રજા લઇ ઓરપાડ રતનદાસને ત્યાં આવ્યા તપાસ કરતા રાણીને માલમ પડયું કે ભકતનો સમાધી લઈ જમીનમાં પ્રવેશ થવાનો વિચાર છે તેથી કુસળબા રાણી પ્રણામ કરી કહેવા લાગી કે મહારાજ મને પણ સાથે સમાવેશ કરો હું પણ આપના શર્ણમા આવી છું માટે મારો મોક્ષ થવો જોઇએ ત્યારે ભકતે કહ્યુ કે બચ્ચા હાલમાં તારે આમ કરવાની કાંઈ જરૂર નથી. તમો તમારા પતિની ખરા દીલથી સેવા કરો. તેથી તમારો મોક્ષ થશે. એવું મારૂં વચન છે. પછી કુસળબા રાણીએ પ્રાર્થના કરી કે મહારાજ હાલમાં સમાઈ જવાનુ બંધ રાખો એ મારી પ્રાર્થના છે

રાણીની પ્રાર્થનાથી ભકતે સમાઈ જવાનુ બંધ રાખ્યુ.

પછી કુસળબા રાણી ભકતના ચર્ણ આરસ પહાણમા કોતરાવી લીધા અને દેવાલય બાંધી તેમાં જડત કરાવ્યા ચર્ણની પૂજા કરી ભકતની આજ્ઞા લઈ પોતાને ગામ માડવી ગયાં. ઇશ્વર કૃપાથી રાણીને બે છોકરા થયા જેથી રાજાનુ મન ઘણુ આનંદ પામ્યું.

ઘણા લોકો ભકતની પાસે આવવા લાગ્યા. ત્યાર બાદ એક વખત ભકત સીદ્ધનાથ દર્શન કરવા સારૂં ગયા દર્શન કરી ઓ-